# ધોરણ - 8 ગુજરાતી

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| G801 | વિવિધ સાહિત્ય સ્વરૂપ સાંભળે છે, સમજે છે, અને અભિવ્યક્ત કરે છે. | • પુસ્તકાલય સંદર્ભે સામગ્રીનો ઉપયોગ કરી વિવિધ સાહિત્ય સ્વરૂપો, કૃતિઓ ઉપલબ્ધ કરી વંચવવી.<br>• સાહિત્યકારો, કવિ લેખકોની મુલાકાત, ચર્ચા પણ જરૂર જણાય તો કરાવવી |
| G802 | પરિચિત કે અપરિચિત પરિસ્થિતિમાં સંવાદ, ચર્ચા વર્ણન, વિશ્લેષણ કરી પોતાના અભિપ્રાયો વ્યક્ત કરે છે. | • શૈક્ષણિક એકમોનું નાટયીકરણ કરી સંવાદ કરાવવા.<br>• વિદ્યાર્થીઓના જુથ બનાવી પરસ્પર જીવંતચર્ચા કરાવવી.<br>• જાહેર કાર્યક્રમોનું સંચાલન વિદ્યાર્થીઓએ પાસે કરાવવું.<br>• વિદ્યાર્થીઓએ પાસે સુવિચાર, ભીંતસૂત્ર લેખન કરાવવું. |
| G803 | રમતો, પ્રવૃતિઓ, મુલાકાતો, ઇન્ટરવ્યૂ, પ્રોજેક્ટકાર્ય દ્વારા સમજ કેળવે છે. | • શિક્ષકે ભાષાની વિવિધ રમતો તેમ જ ચેસ, સાપસીડી વગેરે જેવી રમતો રમાડવી.<br>• વિદ્યાર્થીઓએ પાસે કક્ષાનુસાર વાર્તાઓ હાવભાવ સાથે રજૂ કરાવવી.<br>• ચિઠ્ઠી વાંચન, ક્વિઝ, જૂથચર્ચા, જેવી પ્રવૃતિઓ કરાવવી.<br>• વ્યવસાયકારો, સરપંચ, બેન્ક મેનેજર જેવા વ્યક્તિઓની મુલાકાતો તેમ જ વાર્તાલાપ ગોઠવવો. અને તે સંદર્ભે પ્રોજેક્ટકાર્ય કરાવવું. |
| G804 | લોકગીતો અને લોકસાહિત્યની કથાઓ નાટકો, સ્થાનિક કક્ષાના સંવાદોની લેખિત રજૂઆત કરે છે. | • લોકગીત, લોકવાર્તાઓના કાર્યક્રમ દ્વારા સાંસ્કૃતિક વારસાની જાળવણીની સમજ આપવી.<br>• ગામમાં ભવાઇમંડળી, નાટકમંડળી, યોજાય ત્યારે મુલાકાત લઈ શાળામાં રજૂ કરવા પ્રેરણા આપવી. |
| G805 | શિક્ષકની મદદથી દૃશ્ય શ્રાવ્ય સાધનો અને આધુનિક ઇન્ફોર્મેશન ટેક્નોલૉજીની સમજ કેળવે છે. | • દૃશ્ય સાધનોની મદદથી સંવાદ સંભાળવવા.<br>• બાયસેગ, રેડિયો, ટી.વી. દ્વારા પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમનું નિદર્શન કરાવવું.<br>• ક્વિઝ, ડિબેટ, વગેરેનું નિદર્શન કરાવવું.<br>• સંદેશાવ્યવહાર માટે અદ્યતન ટેક્નોલૉજીના ઉપકરણોનો ઉપયોગ કરાવવો અને ઉપયોગ કરી શકે તે માટે માર્ગદર્શન આપવું.. |
| G806 | વેબસાઇટ, ઇ-મેઈલ, એસએમએસ તથા ન્યૂઝ રિપોર્ટનુ નિર્માણ કરી તેનું આદાન પ્રદાન કરી શકે છે. તેમજ SMS તથા ન્યૂઝનું નિર્માણ કરી તેનું આદાન -પ્રદાન કરે છે. | • કમ્પ્યુટરનો ઉપયોગ કરવો.<br>• વિવિધ ટેક્નોલૉજી, ટી.વી., વોટસ-અપ, SMSના મધ્યમથી ટુચકા મેળવી શિક્ષકે વર્ગમાં રજૂ કરવા.<br>• મોબાઈલ દ્વારા વિવિધ કૌશલ્યનું નિદર્શન કરવું. પ્રશ્નોત્તરી કરવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| | • વિવિધ વેબસાઇટનો ઉપયોગ કરી કવિ- લેખકોની જરૂરી માહિતી અને પુસ્તકો મેળવી વાંચન કરતાં શીખવવું.<br>• ઇન્ટરનેટના માધ્યમથી પરિચિત કરવાવ. વિદ્યાર્થી પોતાને જરૂરી વિગતો શોધી અને નોંધ કરે તેવી પરિસ્થિતી ઊભી કરવી.<br>• ઈન્ફર્મેશન ટેક્નોલૉજી, ઇન્ટરનેટ પરથી વિવિધ માહિતી મેળવવા સમજ આપવી..<br>• ઉપયોગી શૈક્ષણિક વેબસાઇટ ની યાદી આપવી. તેનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા.<br>• ઇ- મેઈલ દ્વારા માહિતીની આપ-લે કરવી.. |
| G807 સમયપત્રકો, સામયિકો, કોષ્ટકો, બસ અને રેલ્વે સમયપત્રક વગેરે જેવી, જીવન ઉપયોગી વિગતો વાંચે છે. અને જરૂરી વિગતો તારવે છે. | • શિક્ષક વિદ્યાર્થીઓને રેલવે, ટાઈમ ટેબલ, બસ ટાઈમટેબલની સમજ આપવી.<br>• વિદ્યાર્થીઓ પાસે સમાચારપત્રો અને સામયિકોનુ વાંચન કરાવવું. |
| G808 વિવિધ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે વ્યવહારમાં મેળા- ઉત્સવોમાં ભાષામાં થતી રજૂઆત સાંભળે અને સમજે છે. | • લોકસાહિત્યની કથાઓ સંવાદો સંભળાવવા.<br>• સ્થાનિક કથા પર બનેલ ફિલ્મો તથા ક્લીપનું નિદર્શન કરાવવું.<br>• સ્થાનિક લોકકલાકાર ને બોલાવી વાર્તા સંભાળવવી.<br>• વિદ્યાર્થીઓ પોતાના કૌટુંબિક, સામાજિક પ્રસંગોમાં થતી પ્રવૃતિઓ વિશે વર્ગમાં રજૂઆત, ચર્ચા કરાવવી. |
| G809 આશરે 5000 જેટલા શબ્દો જાણે છે. અને શબ્દકોશ, જોડણીનો વ્યાવહારિક વ્યાકરણનો ઉપયોગ કરે છે. | શબ્દકોશનો ઉપયોગ કરવો..<br>• શબ્દકોશના ક્રમની ઓળખ માટે ફ્લેશકાર્ડ શબ્દ પત્તાં બનાવી રમત રમાડવી. |
| G810 વિશેષ વ્યક્તિ, સંસ્થા, પરિચિત પ્રસંગો સ્થળો ની મુલાકાત લઈ તેના જીવન ચરિત્ર તથા પરિચય અંગે તેમજ પોતાના વિચારો અને મંતવ્યો આત્મવિશ્વાસ પૂર્વક રજૂ કરે છે. | • શિક્ષકે શાળામાં વિશેષ વ્યક્તિ સાહિત્યકાર, ચિત્રકાર, ફોટોગ્રાફર,<br>• સમાજ સેવક, સૈનિક, ડોકટર, સરપંચ, વકીલને આમંત્રણ આપી પરિસંવાદ યોજવો અને વિદ્યાર્થીઓએ દ્વારા પ્રશ્નોત્તરી કરાવવી.<br>• વિવિધ સ્થળો જેવા કે પોસ્ટ ઓફિસ, બેન્ક, હોસ્પિટલ, ઉધોગો, પ્રાકૃતિક સ્થળો, પ્રચલિત સંસ્થાઓ, વગેરેની પ્રશ્નાવલિ તૈયાર કરીને મુલાકાત ગોઠવવી.<br>• સ્થાનિક વ્યક્તિ વિશેષ ની સાથે ચર્ચા કરી તેના જીવન વિશે માહિતી એકત્ર કરી જીવન ચરિત્ર અને અહેવાલ લખવા પ્રોત્સાહિત કરવા, |
| G811 સાંભળેલી કે વાંચેલી અનુભવજન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી વૈકલ્પિક તથા | • વિદ્યાર્થીઓએ જોયેલી ફિલ્મ વિશે ટૂંકમાં રજૂઆત કરવા કહેવું.<br>• વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તક સિવાય નો ફકરો વાંચવી પ્રશ્નોત્તરી કરવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|
| અન્ય પ્રશ્નોનાં જવાબ લખે છે. | • પોતાના વિચારો મંતવ્યો, સ્વાનુભવો, નોંધવા પ્રોત્સાહન આપવું.<br>• પ્રાર્થનાસભામાં વર્ગમાં ડિબેટ યોજવી પોતાની વાતના સમર્થનમાં દલીલો રજૂ કરી શકે તે જોવું.<br>• વિદ્યાર્થીઓને વિચાર પ્રેરક પ્રશ્નો પૂછવા અને તેના જવાબ માટે પૂરતો સમય આપવો. |
| G812 સાંભળેલી કે વાંચેલી તથા પાઠ્ય પુસ્તક અને અન્ય સામગ્રીમાંથી યોગ્ય તારણ કાઢી પ્રશ્નોનાં જવાબ લખે અને કાર્યકારણ સબંધોને આધારે વધારે માહિતી મેળવવા " શા માટે ? " કેવી રીતે " જેવા પ્રશ્નો પૂછીને જવાબ આપે છે. | • શિક્ષક એકમ અધ્યયન બાદ વિદ્યાર્થીઓને કુતૂહલ પ્રેરક પ્રશ્નો પૂછવા માટે વાતાવરણ નિર્માણ કરવું.<br>• ઘટનાક્રમ કે પ્રસંગની રજૂઆત કરી સારા – નરસા ની ચર્ચાસભા યોજવી.<br>• અઠવાડિયાનો એક તાસ પુસ્તકાલય માટે વશ્ય આપવો.<br>• વિદ્યાર્થીઓને શહીદોની ગાથા કહીને તેને આધારે વિચાર પ્રેરક પ્રશ્નો પૂછી જવાબ મેળવવા.<br>• આપત્તી વ્યવસ્થાપનમાં મુશ્કેલી સમયે કયા કયા પગલાં ભરવા તે વિશે ચર્ચા કરવી.<br>• કેવી રીતે ? શા માટે ? વગેરે પ્રશ્નો પૂછી શકાય તેવી પરિસ્થિતીની નિર્માણ કરાવવું. |
| G813 ટૂચકાઓ, કિસ્સાઓ જાતે બનાવી ક્રમશ : રજૂ કરશે અને જૂથચર્ચા અને પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભાગ લઈ રજૂઆત કરે છે. | • સુવિચાર, કહેવત, ટુચકા વાર્તાઓની સંગ્રહપોથી બનાવવી<br>• વિવિધ વિષયો પર વકતૃત્વસ્પર્ધા યોજવી. |
| G814 યોગ્ય મરોડ સાથે બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખી વાતચીત, ઘટના કે પ્રસંગનું વર્ણન લખી શકે છે. | • વિદ્યાર્થીઓ વિરામચિહ્નો તથા જોડણી ની સમજ આપી શ્રુતલેખન અને અનુલેખનની સ્પર્ધાનું આયોજન કરવું તથા વિદ્યાર્થીઓને સુંદર લેખનના નમૂના પૂરા પાડવા પ્રોત્સાહિત કરવા. |
| G815 કાવ્યપંક્તિઓનું પદ્યમાંથી ગદ્યમાંથી અને ગદ્યમાંથી પદ્યમાં લેખન કરે છે. | • કાવ્યપંક્તિનો વિચાર વિસ્તાર કરાવવો શીખવેલ કાવ્યો મુખપાઠ કરાવી કાવ્યપંક્તિઓનું લેખન કરાવવું.<br>• દ્રશ્ય -શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી કવિનું શ્રવણ કરાવવું.<br>• શિક્ષકે માઈક્રોફોન, ફોનની મદદથી કાવ્યગાનનું શ્રવણ કરાવવું તથા વિદ્યાર્થીઓના કાવ્યોનું રેકર્ડ કરીને પુનઃ સંભળાવવું. |
| G816 ગદ્ય તથા પદ્યનું સ્વતંત્ર લેખન કરે છે. (નિબંધ લેખન વાર્તા, કાવ્ય, ઉખાણાં, નિબંધ અરજીલેખન, અહેવાલ, પ્રેસનોટ, પ્રવાસ વર્ણન, આત્મકથા મિનિટ્સ ડાયરી વગેરે ) લખે છે. | • ઉત્કૃષ્ટ રોશનીશીનો નમૂનો બતાવવો<br>• દરરોજના અનુભવો માટે સ્પર્ધા ગોઠવવી તેને લખવા માટે પ્રેરણા પૂરી પાડવી.<br>• નિબંધ લેખન પત્ર લેખન રોજનીશી આત્મકથા, અહેવાલલેખન, વગેરેની યોગ્ય સમજ આપવી.<br>• શબ્દો પરથી વાર્તા તેમજ મુદ્દા પરથી વાર્તાલેખન ની સમજ આપવી. |

DRAFT

| અધ્યયન નિષ્પત્તિઓ | | શીખવા શીખવવાની પ્રક્રિયા |
|---|---|---|
| G817 | બિલ, રીસિપ્ટ, રેપર, રિપોર્ટ, જાહેરાત વગેરેમાં આપેલ માહિતી સમજે છે. અને ઉપયોગ કરે છે., | • બિલ રિસીપ્ટ, રેપર્સ, મિનિટ્સ બુકના નમુનાનું નિદર્શન કરાવવું તેના દ્વારા પ્રશ્ન- જવાબ માહિતી એકત્રીકરણ વગેરે જેવી પ્રવૃતિઓ કરાવવી |
| G818 | અનુભવેલી સારી બાબતો અંગે ચિંતન કરી વિકટ પરિસ્થિતીમાંથી યોગ્ય ઉકેલ શોધીને લખે છે. | • સ્થાનિક પરિસ્થિતી મુજબ ઘટના કે સમસ્યા રજૂ કરી તમે શું નિર્ણય લો ? જેવી પ્રવૃતિ કરાવવી.<br>• મૂંઝવણભરી પરોસ્થિતિ રજૂ કરી સમસ્યા ઉકેલ; વિદ્યાર્થીઓએ પાસે મેળવવો.<br>• વિદ્યાર્થીઓએ પાસે પોતે અનુભવેલી પરિસ્થિતી નો સંવાદ કરાવવો.<br>• જીવનમાં ઘટતી રોજબરોજની ઘટનાઓમાંથી વિવેક બુદ્ધિ અનુસાર સારી -નરસી બાબતો અંગે વિચાર -વિમર્શ કરાવી યોગ્ય નિર્ણય લેવા પ્રેરણા પૂરી પાડવી. |
| G819 | વ્યાવહારિક વ્યાકરણ જાણે છે અને તેનો ઉપયોગ કરે છે. | • એકમના અંતે એકમમાંથી તથા ભાષા સજ્જતાના આધારે વિવિધ વ્યાકરણ સંબંધી સામગ્રી સમજી શકે છે.<br>• એકમના અંતે શિક્ષક વિદ્યાર્થીઓને પ્રશ્નોત્તરી કરે. |

DRAFT